ધનસુરા તાલુકામાં નવરાત્રી મહોત્સવની ભારે ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. નવરાત્રીમાં ધનસુરા શહેરની જનતા મા અંબાની આરાધના સાથે સાથે યજ્ઞ સહિત સાંસ્કૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. નવરાત્રીનો તહેવાર એટલે નવ જ દિવસ પરંતુ ધનસુરા શહેરમાં નવરાત્રી મહોત્સવ દસ દિવસ સુધી ધામધૂમપૂર્વક મનાવવામાં આવે છે. (તસવીર : જય અમીન, મોડાસા)

પાલનપુરમાં સીઝીંગ વોરમાં મુસ્લિમ યુવકની કરપીણ હત્યા થતા ચકચાર

લઘુમતી કોમના વ્યાવસાયિકો વચ્ચેની અદાવતમાં યુવકને રહેંસી નાંખનારા આઠ સામે નોંધાયો હત્યાનો ગુનો

પાલનપુર, તા.૫

સરહદી બનાસકાંઠા જિલ્લામાં ઉત્સવ ઘેલી બનેલી પોલીસના રાજમાં અસામાજીક તત્વો માથું ઉંચકી રહ્યા છે. જિલ્લા મુખ્યાલય પાલનપુર શહેરમાં આયેદીન ચોરી, લૂંટ, ચીલઝડપ, મારામારી સહીત ધોળે દહાડે થતી સશસ્ત્ર અથડામણોને પગલે કાયદો અને વ્યવસ્તાની પરિસ્થિતિ કથળતી જતી હોવાની બુમરાણ મચી છે ત્યારે ગત રાત્રે પાલનપુર માં ગાડીઓના સીઝીંગના ધંધા સાથે સંકળાયેલા લઘુમતી કોમના વ્યવસાયિકો વચ્ચે ખેલાયેલા સીઝીંગ વોરમાં એક મુસ્લિમ યુવકને તીક્ષ્ણ હથિયારો વડે રહેંસી નાંખી તેની કરપીણ હત્યા કરાતા ચકચાર મચી જવા પામી હતી.

પાલનપુર શહેર પોલીસના સુત્રોના જણાવ્યા મુજબ પાલનપુર શહેરમાં ગાડીઓના સીઝીંગનો વ્યવસાય કરતો ૩૦ વર્ષીય વસીમ મશરૂફભાઈ કુરેશી નામનો યુવાન તેની સ્કોપીઓ ગાડી નં. જી.જે. ૧.એચ.જી. ૫૦૧ ઉમાં ફરિયાદી મુદતસરખાન જલાલખાન નાગોરી સાથે પોતાના ઘર તરફ જઈ રહ્યો હતો ત્યારે શહેરના ખોડાલીમડા વિસ્તારમાં રાત્રિના સાડા અગિયાર વાગ્યાના સુમારે સીઝીંગના વ્યવસાય સાથે સંકળાયેલા તેના વિરોધી જુથે તીક્ષ્ણ હથિયારો વડે તેના પર હીચકારો હુમલો કર્યો હતો. સીઝીંગના ધંધાની અદાવતમાં વસીમ નામના મુસ્લિમ યુવકને રહેંસી નાંખતા તેને ફરીયાદી મુદતસરખાને તેની જ સ્કોર્પીઓ ગાડીમાં લઈ તાકીદે સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં લઈ આવ્યો હતો જયાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

પાલનપુરના ખોડાલીમડા વિસ્તારમાં ભાજપના લઘુમતી મોરચાના અગ્રણી મશરૂફભાઈ કુરેશના પુત્ર વસીમ પર થયેલા જીવલેણ હુમલાને પગલે મુસ્લિમ સમુદાયના લોકોનાં ટોળે ટોળાં સિવિલ હોસ્પિટલમાં દોડી આવતા મધ્યરાત્રિએ વાતાવરણ તંગ જણાતા પાલનપુર શહેર પી.આઈ. એમ.બી. વ્યાસ સહીતના અધિકારીઓ દોડી આવ્યા હતા.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

આઠ સામે હત્યાનો ગુનો નોંધી પોલીસે હાથ ધરી વધુ તપાસ

દરમિયાન, પાલનપુર પુર્વ પોલીસે આ અંગે પાલનપુરના હુસેનીચોક, નાગોરીવાસ ખાતે રહેતા ૨૩ વર્ષીય મુદતસરખાન જરારખાન નાગોરીની ફરિયાદને આધારે ફર્સ્ટ ગુના રજી નં. ૧૧૯/૧૪થી આઈ.પી.સી. ૩૦૨, ૧૧૪ મુજબ (૧) રશીદ ઉર્ફે કાણીયો સીન્ધી (૨) અફઝલ ઉર્ફે શીવો જફરૂલ્લાખાન નાગોરી (૩) પરવેઝ ઉર્ફે પપ્પુ મુઝફરભોઈ ઉર્ફે મુજુ નાગોરી (૪) રીક્ષાચાલક પોપટભાઈ જે ઉસાભાઈ સીન્ધીનો છોકરો તથા બીજા બે (૫) શાકીરભાઈ ઉર્ફે ભટ્રો મીરજાભાઈ મન્સુરી (૬) આસીફ ઉર્ફે મટો હમીદખાન નાગોરી તમામ રહે. પાલનપુર સહીતના આઠ લોકો સામે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ પી.આઈ. એમ.બી. વ્યાસે હાથ ધરી હત્યારાઓને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે.

આજે કડી તાલુકાના ડાંગરવા ગામે ધર્મધ્વજારોહણ સમારંભ યોજાશે

ડાંગરવાના મેસીયા મહાદેવ ખાતે તા. ૨૮મી ઓક્ટોબરથી શ્રી શિવ મહાપુરાણ કથાનું આયોજન કરાયું છે

ગાંધીનગર, તા.૫

મહેસાણા જિલ્લાના કડી તાલુકામાં આવેલ ડાંગરવા ગામે તા. ૨૮મી ઓકટોબરથી ગાંધીનગરના પ્રસિધ્ધ કથાકાર કનૈયાલાલ મહારાજની વ્યાસપીઠે શ્રી શિવ મહાપુરાણ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિવ મહાપુરાણ કથા સ્થળે ધર્મધ્વજારોહણ તા. ૬ઠ્ઠી ઓકટોબર સોમવારે સવારે ૯.૩૦ કલાકે યોજવામાં આવશે.

આ ધર્મધ્વજા રોહણ સમારંભના મુખ્ય યજમાન ગાંધીનગરના બિલ્ડર બાબુસિંહ લક્ષ્મણજી ડાભી છે. આ સમારંભ ડાંગરવા ગામે હાડવી રોડ પર આવેલ શ્રી મસીયા મહાદેવ ખાતે યોજવામાં આવશે. ધર્મધવજારોહણના કાર્યક્રમ બાદ શ્રધ્ધાળુઓ માટે ભોજન પ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત રાત્રે ૯ કલાકે આ સ્થળે એક લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં મહેશસિંહ ચૌહાણ અને સુખદેવ ગઢવી જેવા કલાકારો પોતાની કલાના ઓજસ પાથરશે.

મા આદ્યશક્તિ જગદંબાની આરાધના અને ઉપાસના પર્વ નવરાત્રીનું રંગેચંગે સમાપન થયું છે. ખેડબ્રહ્માના સુવિખ્યાત અંબાજી મંદિરમાં નવરાત્રીના છેલ્લા નોંરતે ગરબાની રમઝટ જામી હતી અને શ્રદ્ધાળુઓએ ખૂબ જ ભક્તિભાવપૂર્વક માતાજીના ગરબા કર્યા હતા. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

પાલનપુર તાલુકા પંચાયતની સામાન્ય સભામાં વિકાસ અધિકારીની ગેરહાજરીની હેટ્રીક

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૫

પાલનપુરની ભાજપ શાસિત તાલુકા પંચાયતની આજે સાધારણ સભા પ્રમુખ ધનજીભાઈ સોલંકીની અધ્યક્ષતામાં મળી હતી. આ સભામાં સત્તાધારી પક્ષ અને વિપક્ષના સભ્યો હાજર રહ્યા હતા જો કે આ સભામાં તાલુકા વિકાસ અધિકારી વસંત સોલંકી સતત ત્રીજી વાર સામાન્ય સભામાં ગેરહાજર રહેતા સત્તાધારી પક્ષના અને વિપક્ષના સભ્યો ટીડીઓ પર લાલઘૂમ જણાતા હતા.

તાલુકા વિકાસ અધિકારીની સતત ગેરહાજરીથી તાલુકાના અનેક વિકાસ કાર્યને ઠેસ પહોંચવા પામી છે અને પ્રજાને પરેશાની ભોગવવાનો વારો આવ્યો છે.

પ્રાંતિજ તાલુકા સંકલન સમિતિની બેઠક યોજાઈ

પ્રાંતિજ, તા.૫

પ્રાંતિજ સ્થિત મામલતદાર કચેરીમાં આજે તાલુકા સંકલન સમિતિના સભ્યો તથા અધિકારીઓની બેઠક યોજાઈ હતી. જેમાં તાલુકાના વિકાસના કામો માટે આયોજનો કરવામાં આવ્યા હતા.

પ્રાંતિજ તાલુકાની સંકલન સમિતિની બેઠક પ્રાંત અધિકારી મોદીના અધ્યક્ષ સ્થાને મામલતદાર કચેરી ખાતે યોજાઈ હતી. બેઠકમાં મામલતદાર એ.એ. ડોડીયા દ્વારા વિકાસના કામોને ઝડપથી વેગ આપવા માટેની યોજનાઓ ઘડવામાં આવી હતી. ઉપરાંત બાગ બગીચા, આંગણવાડીના મકાનો અને તેની અંદરની જરુરી સુવિધાઓ, અંતિમધામ આધુનિક સુવિધા, ગરીબ લાભાર્થીઓ માટે મકાન, સરકારી ગેસ્ટ હાઉસ, યોગ્ય સુવિધા સાથેનો બસ ડેપો, તમામ રુટની બસો, ગંદકી અને કચરો અંગેની ચર્ચાઓ કરવામાં આવી હતી જયારે કાયદાનું પાલન ન કરનાર વેપારીને પણ દંડ વસુલવામાં આવશે તેમજ જરુરી કાર્યવાહી કરવામાં આવશે તેમ તંત્ર દ્વારા નક્કી કરવામાં આવ્યું હતું.

ખેડબ્રહ્મામાંથી પીકઅપ ડાલુ ચોરાતા ફરીયાદ

ખેડબ્રહ્મા, તા. ૪

ખેડબ્રહ્મા શહેરના લક્ષ્મીપુરા ચાર રસ્તા પાસે રહેતા રમેશભાઈ સાવધાનભાઈ નટ પોતાના ધંધા માટે ગત ૨૫-૯-૧૪ ના રોજ હિંમતનગરથી નવીન મહિન્દ્ર બોલેરો પીકઅપ ગાડી લાવ્યા હતા જે પોતાના ઘર આગળ પાર્ક કરતા હતા. જે ૩-૧૦-૧૪ના રાત્રીના ૨ વાગ્યા બાદ કોઈ ચોર ઈસમો ગાડી ચોરી ગયા હતા. જે અંગે રમેશભાઈએ ખેડબરહ્મા પોલીસ સ્ટેશને અજાણ્યા ચોર ઈસમ વિરૂદ્ધ ફરીયાદ નોંધાવી હતી.

અરવલ્લીના શિણોલથી ચાંપેલા માર્ગના નિર્માણમાં ગંભીર બેદરકારી સામે રોષ

મોડાસા, તા.૫

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના શિણોલથી ચાંપેલા રોડના કામમાં મોટા પ્રમાણમાં ગુણવત્તાનો અભાવ દેખાતા પ્રજાજનોમાં આક્રોશ ફાટી નીકળ્યો છે. આવી ગેરરીતિથી કંટાળીને આ અંગેની ફરિયાદ વિજીલન્સ કમિશનર સમક્ષ કરવામાં આવતા ભારે હલચલ થવા પામી છે. જયારે પ્રજાજનો દ્વારા સરકારી તંત્રમાં આ માર્ગનું નિર્માણ કરનાર કોન્ટ્રાકટરની ડિપોઝીટ જપ્ત કરવા માંગ ઉઠી છે.

(તસવીર : જય અમીન)

ધનસુરા તાલુકાના શિણોલથી ચાંપેલા જવાના માર્ગે મોડાસાના માર્ગ અને મકાનની કચેરીની દેખરેખ હેઠળ બનાવવામાં આવ્યો છે. આ રોડનું કામ કરતા કોન્ટ્રાકટર દ્વારા રોડના કામમાં ગુણવત્તા જળવાઈ નથી જેના કારણે રોડ ઉપર ઠેર ઠેર મોટા ગાબડા પડી ગયા છે. આ ઉપરાંત ગરનાળાઓમાં પણ તિરાડો પડી ગઈ છે. તેથી આ કામમાં ખુબ જ મોટી સંખ્યામાં ખાયકી થયાનો અણસાર દેખાઈ રહ્યો છે. જેથી ગામ લોકોએ વારંવાર માર્ગ અને મકાન વિભાગ સમક્ષ રજુઆત કરવા છતાં તંત્રએ ચુપકીદી સાધી લીધી છે તેથી આ રોડ પ્રકરણમાં વિજીલન્સ વિભાગમાં લેખિત યોગ્ય પુરાવાઓ સાથે રજુઆત કરવામાં આવી છે. આશ્ચર્યજનક બાબત તો એ છે કે માત્ર ૩-૪ માસના ટુંકા ગાળામાં જ આ રોડની ગુણવત્તા સામે બૂમો ઉઠી હોવા છતાં આ રોડની તકલાદી ગુણવત્તા સાથે જયારે નિર્માણ પામ્યો હશે ત્યારે હાજર જવાબદાર અધિકારીઓ રોડ પર શું કરતા હશે તે પણ એક તપાસનો વિષય છે.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુરમાં વિજયાદશમીની શાનદાર ઉજવણી

આસુરી શકિત પર દૈવી શકિતના વિજય સમાન નવરાત્રી પર્વ બાદ દુર્ગુણોના રાવણ પર સત્યના રામના વિજય નિમિત્તે દશેરાનો તહેવાર ઉજવવામાં આવે છે. પાલનપુરના કલા ઉત્સવ સમિતિ દ્વારા આયોજિત વિજયા દશમી ઉત્સવમાં શાનદાર શોભા યાત્રા કાઢવામાં આવી હતી. જેમાં ભગવાન રામ-લક્ષ્મણ-હનુમાનજી અને અશ્વો પર શિવાજી, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈની પ્રતિમાઓ સાથે સાફા પહેરેલા ભગવા ધ્વજ સાથે તલવાર ધારી યુવાનોએ ભારે આકર્ષણ જમાવ્યું હતું. આ શોભાયાત્રામાં ડીજે સાથે નાસિક બાજાની સુરાવલીઓમાં સ્વદેશી ડ્રેગન સમાન ડાયનાસોરની પ્રતિકૃતિ પણ સામેલ કરવામાં આવી હતી. આ શોભાયાત્રાના અંતે ૫૫ ફૂટ ઉંચા રાવણ અને કુંભકર્ણ ઉપરાંત મેઘનાદના પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું. પાલનપુરના નાગરિકોએ વિજયાદશમીનો ઉત્સવ ભારે ઉલ્લાસ પૂર્ણ રીતે માણ્યો હતો અને દિવસ દરમિયાન આશરે ૧૦ લાખની કિંમતના ફાફડા જલેબી નગરજનો આરોગી ગયા હતા.

સમગ્ર બનાસકાંઠામાં નવરાત્રી પર્વનું રંગેચંગે સમાપન

પાલનપુર, તા. ૫

પાલનપુર સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં મા આદ્યશકિત જગદંબાની આરાધનાના નવરાત્રી પર્વનું શાંતિપૂર્ણ રીતે સમાપન થયું હતું. આ નવરાત્રીના છેલ્લા નોરતે ગરબા શોખીન ખેલૈયાઓ મન મુકીને ઝુમી ઉઠયા હતા.

પાલનપુરમાં જાહેર ગરબાઓમાં બ્રાહ્મણ વાસ, જુના ટેલિફોન એક્ષચેન્જ, જય ભવાની યુવક મંડળ, મોટી બજાર, ત્રણ બત્તી, જુના લક્ષ્મીપુરા, બેચરપુરા, સરકારી વસાહત, હાઈવે શુકન ૧૨૧, બાલાજી, તિરૂપતિ, ઢુંઢિયાવાડી, શકિતનગર, વેરાઈમાતા, ગઠામણ ગેટ, સ્વપ્નીલ ફલેટ, કિર્તી સ્તંભ, બ્રિજેશ્વર કોલોની, ભાગ્યોદય સોસાયટી, અંબિકા વાડી, અંબાજી મંદિર, વિજય હનુમાન મંદિર, એસટી કોલોની, ભાગ્યોદય સોસાયટી, કોલેજ કંપાઉન્ડ અને બેંક સોસાયટી વગેરે જગ્યાએ શાંતિપૂર્ણ રીતે નવરાત્રીનું સમાપન થયું હતું. આ ઉપરાંત વૃંદાવન, ઝંઝર તેમજ પોલીસ હેડકવાર્ટર્સની નવરાત્રીએ પણ ભારે આકર્ષણ જમાવ્યું હતું જગવિખ્યાત યાત્રાધામ અંબાજી ખાતે પણ હોમ હવન અને મહા આરતી સાથે નવલી નવરાત્રીની રમઝટ જામી હતી.

ડીસામાં ચંડી હવન યોજાયો

ડીસા પાટણ હાઈવે પર આવેલ શ્યામ બંગ્લોઝ ભાગ-૨ ખાતે નવરાત્રી નિમિત્તે આસો સુદ નોમના દિવસે ચંડી હવન તેમજ ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. નવરાત્રીનાં મહા પર્વ નિમિત્તે ઠેર ઠેર માતાજીની ભકિતમાં ભકતો મગ્ન થઈ જાય છે ત્યારે શ્યામ બંગ્લોઝ ભાગ-૨માં આવેલા રહીશો દ્વારા નવરાત્રિ દરમિયાન ગરબાનું સુંદર આયોજન કર્યા બાદ નવરાત્રીના છેલ્લા દિવવે સોસાયટી ખાતે ચંડી હવન તેમજ ભોજન પ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યજ્ઞના યજમાન તેમજ ભોજનના યજમાન ડીસાના જાણીતા પત્રકાર દેવતભાઈ બારોટ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્થાનિક રહીશો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦